સ્વધર્મોન્નતિ માટે

આર્યધર્મ

અને

વ્યવહાર દર્પણ.



છપાવી પ્રસિદ્ધ કરનાર,

નારાયણ વિનાયક સાઠે અને

બી. જી. નાગપુરકર.

મુંબઈમાં

આરક્ષણ છાપખાનામાં છાપ્યું.

સને ૧૮૯૭.

કીંમત ૨ આના.

પ્રસ્તાવના.

હાલની ચાલુ સ્થીતિના લોકોમાં જ્યાં જુઓ ત્યાં ફેરફાર માલમ પડે છે. ધર્મસંબંધી પુસ્તક વાંચવાનો તેઓના મનમાં મુદલ ખ્યાલ જાગ્યો નથી તેથી પોતાના ધર્મ ઉપર કાંઈપણ આસ્થા ન બેસવાના કારણે તેઓ બીજાની ભળતી રીતને ગ્રાહ્ય કરે, (સ્વીકારે છે) પણ આપણા ધર્મસંબંધી શાને-કરી આ લોકમાં આપણું કલ્યાણ થશે એ બોધ (ઉદ્દેશ) તેમના મનમાં મુદલ આવતો નથી અને આવા વિષયો ઠસાવનારાઓ થોડે નજરે પડે છે, દિવસે દિવસે આવી સ્થીતિ થવાને લીધે કાળાંતરે શું સ્થીતિ થશે? તેમજ આપણા ધર્મનું આપણને અભિમાન ન હોય તેના જેવી બીજી કઈ વાત બેહદુક્ત ગણવી ! જવાબમાં કોઈજ નહીં ! ! આટલા સારૂં આ વિષય ઉપર અને હાલની ભરતખંડની સ્થીતિનું મારી અલ્પમતિએ (આર્યધર્મ અને વ્યવહાર દર્પણ) નામનું નાનું પુસ્તક છપાવી તેનો થાય તેટલો દેશી બાંધવો સામે પ્રસાર કરાવવો જેથી દરેક વાંચનાર તથા લખનાર મનુષ્યમાં આ નાનું પુસ્તક વાંચવાનો ઉપયોગ થાય અને રસીક વાંચનારને જો કાંઈ સારી અથવા ખોટી અસર થશે તો મારો પ્રયાસ સફળ થયો એમ હું માનીશ.

આર્ય ધર્મ

અને

વ્યવહાર દર્પણ.

॥ सजयति सिंधुरवदनो देवो यत्पाद पंकजस्मरणम् ॥

॥ वासरमणिरिवतमसां राशिन्नाशयति विघ्नानां ॥

પ્રાચીનકાળમાં આપણાં હિંદુ લોકોની સ્વધર્મ ઉપર કેટલી બધી આસ્થા હતી, આપણા ઉપર ઈશ્વરની મહેરબાની હોય (રહે) એવી પ્રત્યેક મનુષ્યની માગણી છે, કારણ કે આ બધા જગતનો બનાવનાર (સરજનાર) અને પાળન કરનાર પરમેશ્વર હોવાથી આપણા આ લોકમાં જે કાંઈ સુખ અને લાભ આપણને થાય છે તે તેની આપણા ઉપરની પુરી મહેરબાની શિવાય થાય નહીં. તે મહેરબાની આપણે તેની પાસેથી સંપાદન કરવી જોઈએ. તે કયા ઉપાયથી આપણે મેળવવી, આપણા ધર્મમાં ઉપર કહેલા પ્રમાણે ચાલનાર હાલમાં કેટલા નીકળશે તેનો વીચાર કરીશું તો સેંકડે પચીસ નીકળવાની પણ આશા-મારી પડશે. બધા લોકો દુનિયાનું ક્ષણિક સુખ ભુલી જઈ પરલોકનું જાથુનું સુખ મેળવવાની આશામાં શું થાય છે. ઈંગરેજી વિદ્યાનો પ્રસાર આપણા દેશમાં અત્યંત ફેલાવાથી લોકોનું તરફ વધારે વલણ થવાથી આપણી રીતભાતનો લોપ થયો છે. ઘણા લોકો તેમના જેવા કપડાં, રીતભાત અને પોતાનો [illegible]

જાણે તેણે છીનવી લીધો હોય તેમ ફકત હિંદુ જ એટલોજ બો-
લવાનો હક રાખ્યો છે. આવા મોટી સંખ્યામાં માલમ પડે છે. પણ
આપણા ધર્મની ખરી બીનાની તેઓને માહીતી નથી. ઇશ્વર
સંબંધી ખરી માહીતી અને આપણા આ લોકનાં કર્તવ્ય ઘણાં
વિસ્તારમાં લખેલાં છે. એવું આપણા ધર્મ ગ્રંથ વાંચનાર અને
તે પ્રમાણે ચાલનાર હજુ સુધી ઘણાં મળશે. તો આ સાંપ્રતકા-
ળનું શીક્ષણ નથી શું !

॥ उत्पत्तिरेव विप्रस्य मूर्ति धर्मस्य शाश्वती ॥

અમારી બ્રાહ્મણની જે ઉત્પત્તિ છે તે ધર્મની શાશ્વત મુ-
રતિસમાન પવિત્ર છે.

॥ शमोदमस्तपः शौचं क्षांतिरार्जवमेवच ॥

॥ ज्ञानविज्ञान मास्तिक्यं ब्रह्मकर्म स्वभावजं ॥

આ અમારામાં સ્વાભાવીક રીતે ગંભીર ગુણ છે હજુ
બીજાં કેટલાક અધિકાર છે તે નીચે પ્રમાણે છે.

॥ देवाधिनं जगत्सर्वं मंत्राधीनंच दैवतम् ॥

॥ ते मंत्रा ब्राह्मणाधीना ब्राह्मणो मम दैवतम् ॥

વર્ષાદ વર્ષાવવાને; પવન છોડવાનો, શત્રુ મારવાનો, ઇત્યા-
દિ અનેક મંત્ર જે વેદમાં કહેલા છે અને જે મંત્રથી હજુ કેટ-
લાક આચાર્યપણે વર્તનાર તે યોગને લીધે જે ધારે તે કરી શકે
છે; પણ તે કરવાને આપણી શક્તિ ક્યાં છે? ઇશ્વરની મોટાઈ
તેની આપણા ઉપરની મમતા, તેની આપણા સુખ વાસ્તે કરે-
લી સગવડ એ જેના મનમાં પ્રસરી રહ્યા છે તે તનાથી કદાપી
કૃતઘ્ન થશે નહીં. હાલ ચાલે છે તેવી રીતે ચાલશે એવું માન-
નારા માનીને સ્વસ્થ બેસશે તેથી કાંઇપણ સારાંશ વળવાનો

નથી. પ્રાચીનકાળથી આપણા હિંદુ લોકોની સ્વધર્મ ઉપરની શ્રદ્ધા દ્રઢ છે એવું જગપ્રસિદ્ધ છે. દુનીયાના સઘળાં લોક જે વખતે જંગલી સ્થિતીમાં હતા તે વખતે આ દેશમાં લોક સુશીક્ષણવાળા અને ધાર્મીક હતા. આ દેશમાં ધર્મસંબંધી પુષ્કળ ઝગડા થયા છે; અને વેદોક્ત ધર્મ ખરો છે એવી લોકોની પક્કી ખાતરી થઈ છે તથીકરીને તેને અનુસરીને આપણા લોક ચાલતા આવ્યા છે.

॥ स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

પણ આ ઉપર કોનું લક્ષ છે? મનુષ્યની સ્વધર્મપર આસ્થા હોય તો સહેજ સાજપણ અનાજ કામ થતું નથી. પોતાના ધર્મ ઉપરની આસ્થા નહિં હોવાને લીધે મનુષ્ય પ્રમાદી વિષયથી બે પરવા રહેછે આપણા પાપને લીધે ઇશ્વર આપણને શિક્ષા કરેછે એ આપણા મનમાં મુદ્દલ આવતું નથી, તેથીકરીને દિવસે દિવસે એ પાપકરણીમાં વધારે પ્રવર્તિત થતા જાય છે, અને વિશ્વાસઘાત કરવો ખોટી સાક્ષી પુરવી, દારૂ પીવો, જાર કર્મ કરવું ઇત્યાદિ પાપકર્મમાં તે હમેશા મગ્ન થાય છે. આપણા પુર્વજની વાતો સાંભલીશું તો તેઓ કેટલાક પાપથી બીતા હતા અને એકવચની અને સદાચરણી હતા તે વીશે અમને આશ્ચર્ય અને અભિમાન થાય છે કે તેવાજ હાલના લોકો શું થવાને શક્તિવાન નથી? છે!! પોતાના ધર્મ ઉપર આસ્થા માત્ર જોઇએ. જુઓ કે અકબર બાદશાહ જાતનો યવન હતો તેને ગોવધ કેમ બંધ કર્યો, તે વીશે એક દાખલો નીચે આપું છું; તે વાંચો:—

અકબર બાદશાહની ઘંટા કચેરી નામની એક જગ્યા રાજ્ય મહેલની પાસે પોતાને એકના દાદ ફરીયાદ કરવા વાસ્તે આવનાર રૈયતને ન્યાય આપવા રાખી હતી. એક દિવસે એક

એવો ચમત્કાર થયો. એક ગાય ઘંટા કચેરીમાં જઈ ત્યાંનાં ઘંટાનો દોરડો પોતાના શીંગડાને ભેરવી ખેંચ્યાજ જોરથી તે ઘંટો વગાડ્યો ત્યાં ઉભી રહી. ઘંટાનો નાદ સાંભળી બાદશાહ અને મીરઅદલ વગેરે દરબારી ત્યાં આવ્યા અને જોવા લાગ્યા તો કાંઈ મનુષ્ય નામ નજરે પડ્યા નહીં એક ગાય આ ઘંટો વગાડતી ઉભી હતી તેને જોઈ બાદશાહે કહ્યું તારી શી અરજ છે? તે મને કહે. તે સાંભળી ગાયે પોતાના અવાજ વાચા થવાથી બાદશાહ આગળ [illegible] બતાવી.

ગાયે કહ્યું હે બાદશાહ! તું ધર્મ નીતિ અને ન્યાયને જાણવાવાળો છે અને દયાળુપણાથી સર્વ પ્રજાનું પીતા પ્રમાણે પાલન કરે છે તો આ ગરીબ ગાયને ન્યાય આપ. જ્યારે આપણા શત્રુએ મોટો અપરાધ કર્યો હોય અને તે એક વખતે દાંતમાં તૃણ લઈ અરજ કરવા આવ્યો હોય તો તેને ક્ષમા કરવો એ ધર્મ છે માટે હે બાદશાહ! અમારો કંઈ પણ અપરાધ ન છતાં અમોને મારે છે માટે ન્યાય કર. અમે ગાય, ભેંસ, વગેરે ગરીબ ઢોરો હમેશા વનમાં જઈ અમારા પેટને ઘાસથી ભરીયે છીયે, એટલુંજ નહીં પણ અમારું શીર કાપી અમને ખાનાર જે મ્લેચ્છ યવન છે તેને અમે કાંઈ કડવું દુઃખ આપતા નથી અને અમારી પુજા કરી સુખ આપનાર જે અહિંસક હિંદુ છે તેને મીઠું દુધ આપતા નથી તો આ બન્નેની સાથે નીપક્ષપાત વૃત્તિને ગરીબપણે રહી અમૃત સરીખું જ્યાં સુધી અમારો જીવ છે ત્યાં સુધી દુધ આપીયે છીયે અને તે દૂધના માવો પેંડા બાસુંદી ઘી વગેરે ખાય છે. અને આરોગ્ય અને બળવાન થઈ અમુલ્ય સુખને ભોગવે છે અને અમારા પુત્ર જે બળદ છે તે ખેતર અને ગાડીયો વગેરે અનેક મજુરી ઉનાળામાં અને ચોમાસામાં રાત્રદિવસ દુઃખ સહન કરી સઘળાને સુખ આપે છે.

એટલુંજ નહિ પણ અમારા ચામડા પગની રક્ષણવાળી જોડા કરવાના કામમાં આવે છે. અને દેવળોનાં નગારા વગેરે વાદ્ય કરવાના કામમાં ઉપયોગી થઇ પડે છે અને અમારા શીંગડા હાડકાં ગોરોચન અને મલમુત્ર મનુષ્યની સ્વચ્છતા જાળવવામાં હમેશા ઉપયોગી થઇ પડે છે અમારી જીંદગીમાં મનુષ્યને દરેક રીતીએ સુખ આપનાર વસ્તુઓનો સંગ્રહ છે અને તેથી મનુષ્યે અમને પણ સુખ આપવું તે તેમનો ધર્મ છે. આટલું છતાં મ્લેચ્છ યવન અમારા તરૂણપણાના દીવસોમાં અમારા નીરોગીપણાનો ભોગ લઇ અમારા ગળાં કાપે છે એ ઘણુંજ દુખ છે. હે ન્યાયી બાદશાહ, અમારા જીવનું રક્ષણ કર અથવા અમારો જીવ શાવારતે લેવો જોઇએ તેવો આ તગથ બતાવ.

અકબર બાદશાહે આ પ્રમાણેના ગાયની અર્જ સાંભળીને હે પાક પરવરદીગાર, હું ન્યાયી થઇને મ્હોટા અન્યાય કરવામાં દાખલ છું એવું માની અતી દુખાત થયો. અને મ્હોટેથી કલ્પાંત કરી રડવા લાગ્યો અને બોલ્યો કે હે જગતમાતા ગાય! હિન્દુસ્તાનવાસી લોકોના જીવની રક્ષણ કરનારી અમે મરીશું. ત્યાંસુધી અમૃતસમાન દુધ આપનાર હે માતા! તું મ્હારી રૈયત ઉપર મ્હોટા ઉપકાર કરી મ્હારૂં જીવંતદાન આપ્યું છે તે માટે ક્ષમા કર!! ક્ષમા કર!! આ પ્રમાણે દુઃખાશ્રુ પાડી અને ક્ષમા માગવા લાગ્યો અને આજ પછી મારા રાજ્યમાં ગાયને કોઇ પણ માણસ મારશે તેને ફાંસીની શીક્ષા આપીશ એવો કાયદો પ્રચારમાં આણી ઢંઢેરા પીટાવ્યો. તેમજ શિવાજી મહારાજની હિંદુધર્મ ઉપર કેવી આસ્થા હતી! તેણે ગૌબ્રાહ્મણ ઉપર ભયંકર જુલમને લીધે તેઓના પાલણહાર થવાના ઇરાદે યવનો સાથે ભયંકર લડાઇ કરી અને ઇશ્વર કૃપાથી તેમાં યશ પણ આવ્યો. તેનો છોકરો સંભાજી આ બાબ

પાપાચરણી હતો તોપણ સ્વધર્મ રાખવાને વાસ્તે તેણે પોતાનું મરણ પસંદ કર્યું અને આ યવન લોકોને જે વખતે જુલમે વટલાવવાનો પ્રયત્ન ચાલુ કીધો તે વખતે હજારો લોક પોતાનો ધર્મ કાયમ રાખવા વાસ્તે મરવા તૈયાર થયા અને તેઓ જુલમ તેની સ્થીતિ હાલ નહિં છતાં હજારો લોક ખ્રિસ્તી થયા કેટલાક સ્વધર્મને તુચ્છકારે અને કેટલાક નાસ્તિક અને હિંદુધર્મમાં આવો બહુમત થવાથી દેશી લોકોમાં સંપ હોય તો તેઓ પૈસાવાળા થઈ ધન ધાન્ય અને પૈસા ટકાથી કલેશ રહિત આરોગ્ય થાય એ સર્વાં ઈશ્વર કૃપાના ચાહનુ ગણાય. જે દેશમાં આ રીતથી ઉન્નતી ગત છે. તેના ઉપર ઈશ્વર કૃપા નથી. એમ સમજવું. હાલમાં આપણા દેશની પણ તેજ સ્થીતિ છે. આ દેશની હાલના ભયંકર દુકાળે મોટા મોટા શેહેરોમાં પોતાનો પ્રવેશ કર્યો છે તેની સાથે તાવ, મરકી વીગેરેનો પણ પ્રવેશ છે આ એકદમથી મહાન આફતનો રાષ્ટ દાખલો છે. તેથી હિંદુ પ્રસારક મંડળી એટલે હિંદુ, મુસલમાન ખ્રિસ્તી વીગેરે સર્વ ધર્માળુ લોકોને વિનયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે પાપાચરણને છોડી નિર્મળ ચાલ નિર્મલ અંતકરણથી આ સંકટમાંથી બચવા વાસ્તે ઈશ્વરની પ્રાર્થના કરો. ઈશ્વર તમારી અરજને સાંભળશેજ.

હયે! હવે આપણા દેશની સ્થીતિ કેમ સુધારવી તેનો આપણે વિચાર કરીયે ! !

॥ नात्मानयेवथैन्मत पुर्वाभि समृद्धिभिः ॥

॥ आमृत्योश्रियमान्विच्छैनांमन्यंत दुर्लभाम ॥

પ્રથમ ધનનેવાસ્તે ઉદ્યોગ કરવો પણ તેથી જો દ્રવ્યની પ્રાપ્તી ન થઈ તો ઉદ્યોગ છોડી હું દુર્ભાગી છું એ પ્રમાણે તમે તમારી જાતને ના હિંમત કરતા નહીં. પણ તમારો પ્રયાસ ચાલુ-

જ રાખતો. પૈસા મળવા મુશ્કેલ છે એવું કોઈ દિવસ મનમાં લા-
વતા નહીં. પ્રથમ દેશની સંપત્તિ વધારવાનો રસ્તો શોધી કાઢવો,
કારણકે જેવું મનુષ્યનું ખાવું પીવું સ્વચ્છ હોય તે પ્રમાણે બીજી
વ્યવસ્થા પણ તેવીજ સ્વચ્છ હોયછે તે પ્રમાણે દેશનું મુખ્ય સુખ
સાધનરૂપ જે અનેકગણું ધનધાન્ય વીગેરે તે બહુ જથ્થામાં
થાયછે તેમાં સુધારો કરવો એજ મુખ્ય પહેલું રહેછે. અને આ-
પણો દેશ પૈસાદાર થયા પછી પરદેશમાં પૈસાના જવાથી ભી-
ખારી સ્થીતિને પામેલો છે. એમ આપણે બધા જાણીએ છીએ.
તેથી આપણે તે દૂર કરવું જોઈએ અને આ કારણથી ધન ? તે જા-
ણવું જોઈએ અને તે રસ્તો [illegible] કરવો જોઈએ એ એક બીજી
અગત્યની બાબત છે. આપણા દેશની સંપત્તિના વધારો થવા-
નો માર્ગ શોધવો [illegible] સંબંધી
આપણું પુસ્તક. [illegible]
થવો જોઈએ કારણકે આપણો દેશ તો ઘણો બહુ ભીખારી થઈ
ગયો છે આપણે આજસુધી કહેતા હતા કે આપણો દેશ ભીખારી
થયોછે પણ તેનું ખરું કારણ આપણને માલમ પડતું નહોતું.
પણ આ વખતે દાદાભાઈ નવરોજજી જેવા વિદ્વાન ગૃહસ્થ-
ના શ્રમ અને ઉદ્યોગે દેશ કેવો ગરીબ થતો ગયો છે તે બહુ
ખુલ્લું થઈ ગયું છે. અમુક વેપાર સંબંધે અમુક નાણાંની રકમ
જાયછે ફલાણા વેપારથી આટલા કરોડ રૂપીઆ જાયછે આપ-
ણને વાંચવામાં આવતાંજ દેશની ભયંકર સ્થીતિનું ભાન નજરે
આગળ આવે છે અને હજુસુધી કેટલાક લોક કહેતાં હતા કે
માટીનાં વાસણનો વ્યવહાર અને પિતળના વાસણો થોડા દિવસ
માં વપરાશમાં આવવાનું શરૂ થયું એમાં સંશય નથી આ વાત
આપણને દ્રષ્ટિસમોર દેખાઈ આવે છે. અમુક કામના સંબંધે
અમુક દ્રવ્ય પરદેશ જાયછે વિગેરે વાતો વર્તમાનપત્રદ્વારા ઘણ
દેશી બાંધવોના જાહેરમાં આવી છે અને જેને માટે

નહીં હશે તે જો થોડો પ્રયાસ કરશે તો માલુમ પડશે. આટલાવાસ્તે દરેક મનુષ્યને અમૂલ્ય વખત આ બાબત ઊપર વિવેચન કરી કાઢવાનું માગતો નથી. સારાંશ એટલોજ કે આપણા દેશમાંથી વેપાર સંબંધી જે કાંઇ નાણાંની મોટી રકમો જાયછે તે ન જાય તેવી તજવીજ કરવી આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. આપણા દેશમાંથી કાચો માલ પરદેશમાં બહુ જાયછે તે બહુજ ગેરફાયદો થાયછે. દાખલા તરીકે રૂ એટલે કે કપાસ. આપણા દેશના સારૂં પાકવાથી તેને ખરીદી પાડી વિલાયતમાં જેટલો કપાસ તૈયાર થાય છે તેનું કપડું બનાવી અહીંનું અહીં વેચાય તો દેશને ઘણો નફો થાય. પણ તેમ ન થતાં આહીંથી પાંચ હજાર કોશ ઉપર તે માલ જાય તેનો ખરચ, માલ ફરી તૈયાર થાય તે કાપડનો ખરચ, અને પાછો માલ અહીં આવે તેનો ખરચ. આ બધો ખરચ આપણે કાપડનો વેઠવા પડે છે. આથી બીજા પારકા લોકોને થાય ને બીજે તે બધો નફો તેઓના ઘેર જાય છે. આ પ્રમાણે હજારો દાખલા બતાવવામાં આવે. તેવીજરીતે બાહારગામથી જે માલ આવેછે તે તૈયાર થઇ આવેછે તેથી સઘળો નફો તેઓજ ખાઇ જાયછે. આથી દેશની, સ્થિતિ સારી રાખવા વાસ્તે આ દેશના શુભ ઇચ્છનારાઓએ એ વાત ખાસ ધ્યાનમાં રાખવી એવી વીનતી છે. પ્રથમ કાચો માલ બાહારગામ ન જાય તેની બધી વાતે સાવચેત રહેવું અને પાકો માલ આ દેશમાં ન આવે તે માટે સાવચેત રહેવું અને તે માલનો ફેલાવ ઓછો થાય તેમ કરવા યત્ન કરવો. આ બન્ને બંધ કરવાને પણ એક રસ્તો છે કે બાહારગામથી આવનાર માલનો ઉપયોગ ન કરવો અને જોઇતો માલ આપણા દેશમાં તૈયાર કરવો. પહેલી વાત સહેલી છે અને તે કરવા ધારીયે તો કરી શકીયે તેમ છે માટે દરેક મનુષ્યની ફરજ છે કે તેમણે તેમ કરવું. આ બાબત બધાનો એક સંપ થવાની જરૂર છે કારણ કે માણસને બધી વસ્તુની

ખબર હોતી નથી તેથી તેને તે સંબંધી કાંઈ સુખ દુખ લાગતુ નથી પણ એક વખત કોઈપણ મનપસંદ પદાર્થ મળ્યો એટલે તેની ચટક તેને લાગે છે. અને તેથી તે સિવાય બીજી ચીજને વળગતો નથી દેશ કલ્યાણાર્થે આપણા દેશનો કાચો માલ ખપાવવા વાસ્તે હાલ તુરત થોડીક ખોટ ખાવી પડશે. આ પ્રમાણે પ્રથમ ઇંગ્રેજ લોકોએજ વિચાર કરેલો હતો અને જ્યારે ઇસ્ટ ઇંડીઆ કંપની સ્થપાઇ, જ્યારે હીંદુસ્થાનનો પાકો માલ ઇંગ્લાંડમાં ખપવા લાગ્યો ત્યારે ઇંગ્લાંડની બહુજ લોકોમાં નાખુશી થવા માંડી અને કહેવા લાગ્યા કે હીંદુસ્થાનમાં પુષ્કળ પૈસો જવા લાગ્યો તેથી ઇંગ્લાંડ ભીખારી થશે પણ કેટલાક પાદરી-લોકોએ હીંદુસ્તાનનો માલ વાપરનારાઓને સમજુતી આપી કે જો આ માલ વાપરશો તો નાતબહાર નાખશું આથી તેઓને નફો થવા લાગ્યો કારણ કે તેઓ આપણા જેવા આળસુ નહોતા તે હીંદુસ્થાનની કઈ કઈ ચીજોના માલની જરૂર હતી તે તેમણે ત્યાં બનાવવા માંડ્યા. તેથી આ સંચાઓ પણ રહ્યા આનું નામ કામ, આપણે જો કે કાંઈ જરૂર વસ્તુ પણ ત્યાંથી મંગાવીએ તો તેઓ ના પાડનાર નથી કારણકે તેઓ મરજી માફક દામ આપણી પાસેથી લેશે. બીજો એટલી જાતની ચીજ એઓની વપરાશની હોય તેવારે તમે માગણી કરો તો બેવડા દામ આપતા તેઓ આપશે નહી કારણ તેમાં તેઓને ખોટ જવાની છે. ટુંકામાં આપણા મુગટા સુરવાં ત્યાંથી તૈયાર થઇ આવે છે અને તેમાં નફો તો તે લોકનેજ થાય છે. જુઓ કે અમેરિકન લોક ઇંગરેજના પહેલેથીજ તેઓના પર હુકમ જુઓ અમેરિકામાં ચીનદેશની ચાહ ઇંગરેજ લોક લઇ જતા હતા તેથી તેને બહુજ નફો થવાથી અને બહુજ વપરાશ થવાથી તે લોકોમાં ચાહાનું મુળ ખુબ ચાલી પડ્યું હતું ઇંગરેજ લોકોએ આંગળી દેખાડતા પોંચાને ઝાલી પડવાની રીત પકડી હતી અને ચહા ઉપર ભારે જકાત નાખી હતી અ-

મેરિકન લોકોએ એ દેશના ગેરલાભની બીના સમજી વીચાર કરયો કે ચાહાની જગોએ બીજી વસ્તુનો ઉપયોગ કરો, પણ ચાહને એકદમ બંધ કરો. આવો વિચાર કરી બધાએ એકમત થઇ ચાહા પીવાનો છોડી દીધી. બંદરમાં હજારો ચાહની પેટીઓ બગડી જતા પણ પૈસાનો (દોઢીયાનો) માલ ખપ્યો નહી બાહર ગાડી એનું નામ દેશભક્તિ, સ્વદેશાભિમાન અને સંપ જો આપ્રમાણે ન થાય તો દેશના ધુતારાજ સમજવા. હે, મિત્રો! વીલાયતી કપડાં, [illegible], વાસણ, [illegible], કાગળ, સાડી, લેખણ, વીગેરે રોજના ઉપયોગનો સામાન આપણું ચાન વીગેરે બાહારગામના [illegible] જો દશ પાંચ વર્ષ સ્થીતી રહેશે તો આપણી [illegible] હાથે પીતળનાં કલાં નાક [illegible] પીતળના [illegible] વાળી પહેરવાનો દીવસ આવશે [illegible] પરદેશ આવનાર માલનો ઉપયોગ છોડી દે [illegible] કાગળનો ઉપયોગ કરો જેથી આપણા દેશના કારીગરોને ઉત્તેજન મળી [illegible] માલ સસ્તો મળવા સાથે દેશનું ધન દેશમાં રહી ગરીબોને આશરો મળશે અને તેથી આપણાં દેશમાં દરેક જાતના માલ થવાની તજવીજ થશે એમાં શક નથી આપણા દેશના લોક હુન્નરમાં બીજા દેશ કરતાં કમી છે એમ નથી પણ તેથી ઉલટું બીજા દેશ કરતા વધારે કુશલ અને ચાલાક છે તેમને ફક્ત એક વખત પુરું શિક્ષણની માહિતી આપી કામે લગાડવાની જરૂર છે. આને વાસ્તે એક રસ્તો છે તે એ છે કે મોટું ભંડોળ જમા કરી તેના ખર્ચે ઇગ્લાંડ, ફ્રાન્સ, અમેરિકા વિગેરે દેશના યંત્ર શાસ્ત્રમાં શિખેલા કસબના કુશળ એવા માણસો લાવી આપણા લોકને શિખાવી માલને તૈયાર કરવાના કારખાના કાઢવાં આ ઉપાય કરવાથી ભંડોળનાં નાણાં બેવડા થશે અને તે પ્રમાણે થવાથી હજારો કારખાનાં શરૂ

થશે. આ પ્રમાણે થવાથી દેશી માણસોનું કામ ચાલશે. અઢિંચા કાચા માલનો પાકો માલ થશે ભાડા વીગેરેનો ખરચ ન પડવાથી માલ સસ્તો મળશે એટલા વાસ્તે બહારગામથી વિદ્વાન માણસોને બોલાવી આવી વીદ્યા શીખવવાથી દેશને સારો નફો થશે. એકંદર રીતે વ્યાપારમાં નફો કેટલો છે તે બધાને માલમ છે તેથી દેશ બાંધવોને ગ્રંથકારની સવિનય પ્રાર્થના છે કે દેશકાળ વર્તમાન પ્રમાણે લક્ષમાં રાખી મોહ માયા મત્સર વિગેરે આપણને છળનાર શત્રુ તેને એક બાજુએ તજી દઈ એક બીજાને ભ્રાતૃતુલ્ય પ્રેમથી ઈશ્વરની કરણી યાદ રાખવી તેનો ભય રાખી સત્યતાથી વ્યવહારમાં રહી પોતાનું કામ આરંભજો જેથી ઈશ્વર સર્વકામના સફળ કરશે.

સમાપ્ત

આર્યધર્મ.

આ ચોપડી લેનાર ઘરાકને મોટામાં મોટું ઈનામ
રૂપીયા ૧૦૦૦ સુધી મળશે. ઘરાકોમાં
૮૦૦૦ રૂપીયા ઈનામ આપવાના છે.
વિશેષ માહિતી હેન્ડપત્રકમાં તથા
મંડળીની ઓફીસમાં મળશે.

—વ્યવસ્થાપક—એન. જી. સાઠે,
અને બી. જી. નાગપુરકર.

ઠેકાણું—ગંગાધર ગોવીંદ પાનવાલાની બુકડેપો
કાળબાદેવી રોડ મુંબઈ.